ગાંધીનગર સમાચાર

ઉદ્યોગ ભવનના સંકુલમાં લેન્ડ સ્કેપીંગનુ કામ હાથ ધરાશે

# કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં ઢોલની થીમ

## ગરબા મંડપમાં ૩૨ જગ્યાએ ઢોલ જોવા મળશે : અંબાજી નિજ મંદિરની દિવ્ય જ્યોત ગરબા મેદાનમાં અખંડ પ્રજ્વલિત રહેશે : ૪ હજારથી વધુ ખેલૈયાઓ ગરબે ઘુમી શકે તેવી વ્યવસ્થા





(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૧

યુવાનો તેમજ આવનારી પેઢીમાં કલા અને સંસ્કૃતિનું સિંચન થાય તેવા ઉમદા આશયથી કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં ઉજવણી કરવામાં આવે છે. સંસ્થા દ્વારા સે. ૯ના વિશાળ મેદાનમાં નવરાત મહોત્સવ-૨૦૧૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ઢોલની થીમ આધારિત સુશોભન સાથે ગરબા મેદાનને તૈયાર કરવામાં આવ્યું છે. જે અન્વયે ગરબા મેદાનમાં વિવિધ ૩૨ ઠેકાણે ઢોલની સજાવટ જોવા મળશે. નવરાતની ભવ્ય ઉજવણીના પ્રારંભે અંબાજી નિજ મંદિરના દિવાની જ્યોત ગાંધીનગર લાવી ગરબા મેદાનમાં માતાજીની સન્મુખ પ્રસ્થાપિત કરાશે. છેલ્લા ૨૭ વર્ષથી પગપાળા અંબાજી જતા જયઅંબે પરિવારના યુવાનો ૧૩મી ઓક્ટોબરે સાંજે ૫.૩૦ કલાકે દિવ્યજ્યોતનું કલ્ચરલ ફોરમના ગરબા મેદાનમાં પ્રસ્થાપન કરાશે.

યુવાન ગરબા ખેલૈયાઓ પણ નવરાત્રીની ઉજવણી પાછળનું શાસ્ત્રોક્ત મહાત્મ્ય સમજે અને આદ્યશક્તિની આરાધનાના આ પર્વને યોગ્ય રીતે ઉજવે એ માટેના પ્રયત્નો થઈ રહ્યા છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણામાં પ્રવેશતાં જ નવદુર્ગાની વિશાળ છબીઓ પ્રસ્થાપિત કરાશે. સમગ્ર વાતાવરણને ભાવ-ભક્તિમય બનાવવા વિશેષ પ્રયત્નો હાથ ધરાયા છે.

ગરબા ખેલૈયાઓ અને ગરબા માણવા પધારતા નાગરિકોને ખુબ જ સુંદર ગામઠી પરંપરાગત વાતાવરણ પુરૂ પાડવા ૨૮ ફૂટ ઊંચુ અને ૧૦૪ ફૂટ લાંબુ પ્રવેશદ્વાર નિર્માણાધીન છે. ખાસ બંગાળથી આવેલા કારીગરો આ પ્રવેશદ્વારને દરબારગઢની પ્રતિકૃતિ બનાવી રહ્યા છે. અમદાવાદની સુપ્રસિદ્ધ સી.એન. ફાઈન આર્ટસ વિદ્યાલયના છાત્રો આ પ્રવેશદ્વારને પોતાની કળાથી સજાવી રહ્યા છે.

એક સાથે ૪૦૦૦ થી વધુ ખેલૈયાઓ મનમુકીને ગરબે ઘુમી શકે તે માટે ૨૦૮ ફૂટની ત્રિજ્યાવાળુ વિશાળ ડસ્ટ ફ્રી ગરબા ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવી રહ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

### સુપ્રસિદ્ધ ગરબા ગાયકો કલ્ચરલ ફોરમનું આંગણુ ગજવશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના નવરાત્રી મહોત્સવમાં ઉમંગ અને ઉત્સાહથી છલકતા-થનગનતા યુવાનો મોજમસ્તીથી ગરબે રમવા આવે છે, તો લોકગીતો અને શાસ્ત્રીય રાગો પર આધારિત ગવાતા ગરબા માણવા વડીલો અને નાગરિકો પણ વિશાળ સંખ્યામાં પધારે છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના મંચ પરથી ખેલૈયાઓને ગરબે રમાડવા આ વર્ષે પહેલા નોરતે શ્રી સમીર રાવલ અને ગાયકવૃંદ (તા. ૧૩-૧૦-૨૦૧૫), બીજા નોરતે દિપ્તી દેસાઈ અને અમીત ઠક્કર (તા. ૧૪-૧૦-૨૦૧૫), ત્રીજા નોરતે પ્રહર વોરા અને હિમાલી વ્યાસ (તા. ૧૫-૧૦-૨૦૧૫), ચોથા નોરતે ગોલ્ડન ચિયર્સ (તા. ૧૬-૧૦-૨૦૧૫), પાંચમા નોરતે લાલિત્ય મુન્શી અને હસમુખ પાટડીયા (તા. ૧૭-૧૦-૨૦૧૫), છઠ્ઠા નોરતે દિપ્તી દેસાઈ અને અમીત ઠક્કર (તા. ૧૮-૧૦-૨૦૧૫), સાતમા નોરતે ભૂમિક દેસાઈ અને આનલ વસાવડા (તા. ૧૯-૧૦-૨૦૧૫), આઠમા નોરતે ગોલ્ડન ચિયર્સ (તા. ૨૦-૧૦-૨૦૧૫) અને નવમા નોરતે દર્શના ગાંધી અને ગૃપ (તા. ૨૧-૧૦-૨૦૧૫) ગાંધીનગર પધારી રહ્યા છે.

### કલ્ચરલ ફોરમના ગરબાનું સમગ્ર વિશ્વમાં જીવંત પ્રસારણ કરાશે

ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબાનું ગાંધીનગર કલ્ચરલ ફોરમની વેબ સાઈટ www.gcfgandhinagar.com પરથી લાઈવ વેબકાસ્ટીંગ કરવામાં આવશે. ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા ગુજરાતના તમામ નાગરિકો લાઈવ નિહાળી શકે એવું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનું ચાર વેબસાઈટ પરથી વેબકાસ્ટીંગ કરાશે. વિદેશમાં વસતા ગાંધીનગરાઓ યુ-ટ્યૂબ દ્વારા ગાંધીનગર કલ્ચરલ ફોરમની નવરાત્રીનો આનંદ માણે છે.

# આજે જીપીએસસી સામેની રીટની હાઈકોર્ટમાં સુનાવણી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત જાહેર સેવા આયોગ સામે કરવામાં આવેલી ગ્રેસીંગ પીટીશનની મહત્વની સુનાવણી આજે ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરવામાં આવશે.

ગુજરાત જાહેર સેવા આયોગ મારફતે લેવામાં આવેલી વર્ગ-૧-૨ની પ્રિલીમરી પરીક્ષામાં મોટાપાયે છબરડા જોવા મળ્યા હતા. પરિણામે તમામ વિદ્યાર્થીઓને ખોટા ૨૩ પ્રશ્નો માટે ૪૦ માર્કનું ગ્રેસીંગ આપવામાં આવ્યું હતું. આથી અસંખ્ય હોંશિયાર વિદ્યાર્થીઓને નુકશાન થતા કેટલાક વિદ્યાર્થીઓએ ગુજરાત હાઈકોર્ટમાં રીટ દાખલ કરી હતી અને ગુજરાત જાહેર સેવા આયોગની કામગીરી સામે અનેક સવાલો ઉઠાવ્યા હતા. આ મામલે અરજદારે કોર્ટમાં હજુ પણ અનેક ખોટા પ્રશ્નો હોવાના પુરાવા સાથે રજુઆત કરી છે. અને આ કેસની મહત્વની સુનાવણી આજે ગુજરાત હાઈકોર્ટમાં હાથ ધરાશે. બીજી તરફ અગાઉ થયેલી ૯ ગણાને બદલે ૧૮ ગણા પાસ કરવાની રીટ, પરિણામમાં છબરડા વગેરેમાં ગુજરાત જાહેર સેવા આયોગે પોતાનો જવાબ હજુ પણ કોર્ટમાં રજુ કર્યો નથી ત્યારે અસંખ્ય પાસ ઉમેદવારો જીપીએસસીની મુખ્ય પરીક્ષાને લઈ ચિંતિત બન્યા છે અને હવે પરીક્ષા નિયત સમયે લેવાશે કે પાછળ ઠેલવામાં આવશે તેની રાહ જોઈ રહ્યા છે.

# દહેગામ સી.એચ.સી. અને પુંધરા પી.એચ.સી. શ્રેષ્ઠ આરોગ્યધામ

ગાંધીનગર, તા. ૧૧

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત આરોગ્ય સંસ્થાઓની યોજાયેલ આંતરિક સ્પર્ધામાં જિલ્લામાં દહેગામનું સામૂહિક આરોગ્ય કેન્દ્ર તેમજ માણસા તાલુકાનું પુંધરા પ્રાથમિક આરોગ્યે કેન્દ્રની શ્રેષ્ઠ કેન્દ્રો તરીકે પસંદગી થવા પામી છે.

રાજ્યના આરોગ્ય કમિશનરશ્રીની કચેરી દ્વારા આ અંગેની સત્તાવાર ઘોષણા કરી દેવાઈ છે. આ બન્ને કેન્દ્રોને હવે પછી સન્માનિત કરવામાં આવશે.

કાયાકલ્પ પ્રોજેક્ટ અંતર્ગત સ્વચ્છતા અભિયાનના ભાગરૂપે આ સ્પર્ધા દરેક જિલ્લામાં યોજવામાં આવી હતી. આ અંગેના માપદંડોમાં સંકુલની સ્વચ્છતા ઉપરાંત હોસ્પિટલ ઈન્ફેક્શન, બાયોમેડિકલ વેસ્ટ નિકાલ વ્યવસ્થાપન, ઈન્સ્ટ્રમેન્ટ સ્ટરીલાઈઝેશન, આઉટ સોર્સિંગની સેવાઓ સહિતના વિવધ માપદંડો નિયત કરાયેલા હતા અને તેની માર્કિંગ સિસ્ટમ પણ નિયત કરાયેલી હતી.

મળતી વિગતો પ્રમાણે પસંદગી સમિતિએ ત્રણ વખત અલગ-અલગ રીતે બધા જ કેન્દ્રોનું એસેસમેન્ટ કરી પછી માર્કિંગ સિસ્ટમ અનુસાર માર્કિંગ કરી સરકારને અહેવાલ મોકલ્યો હતો જેનું પરિણામ તાજેતરમાં જાહેર કરાયું છે.

### મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત કાયાકલ્પ પ્રોજેક્ટ નીચે યોજાયેલી સ્પર્ધા

મળતી વિગતો પ્રમાણે દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્રને ૮૦.૮૬ ગુણાંક પ્રાપ્ત થયા છે. જ્યારે પુંધરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૯૦.૦૬ ગુણાંક પ્રાપ્ત થયા છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૦ સામુહિક આરોગ્ય કેન્દ્રો અને ૨૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો હાલ કાર્યરત છે. આ પસંદગી માટે પાંચ સભ્યોની સમિતિ પણ નિયુક્ત કરવામાં આવી હતી.

આરોગ્ય કમિશનર કચેરીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ નવરાત્રી પછી આ કેન્દ્રોને સન્માનિત કરવાનો સમારોહ યોજવામાં આવે તે દિશામાં હાલ કાર્યવાહી ચાલી રહી છે.



નોરતાનો ઉલ્લાસ - વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવના આરંભને આડે હવે માત્ર ૨૪ કલાક જ બાકી છે ત્યારે ગરબા ખેલૈયાઓમાં ભારે ઉત્સાહ વર્તાઈ રહ્યો છે... વિવિધ શૈલીના નૃત્યો દ્વારા અભિવ્યક્ત થતો ઉમંગ ગુજરાતના ગરબાને નવી ઉંચાઈ પર લઈ જાય છે... અવનવી કોરીયોગ્રાફી દ્વારા ગરબાના સ્વરૂપો બદલાતા ગયા છે... પરંતુ ગરબાનું મુળભૂત તત્વ અને ભાતીગળ પરિવેશ યથાવત રહ્યો છે... ગુજરાતની અસ્મિતા સમા ગરબાની અભિવ્યક્તિમાં યુવતીઓનો છલકાતો ઉમંગ નૃત્યોની અનોખી છટામાં પ્રતિબિંબિત થાય છે...

# ઉદ્યોગ ભવનના સંકુલમાં લેન્ડ સ્કેપીંગનુ કામ હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૦

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત વિશાળકાય ઉદ્યોગભવનના સંકુલમાં લેન્ડ સ્કેપીંગ કરવામાં આવશે અગાઉ ભવનના સંકુલમાં આગળની બાજુ બગીચાનુ નિર્માણ તેમજ લેન્ડ સ્કેપીંગનુ કામ કરવામાં આવ્યુ હતુ. ઉદ્યોગભવનમાં વિવિધ બ્લોકમાં ટોઈલેટ બ્લોકનુ પણ રીનોવેશન કરવામાં આવશે.

ઘ-૪ પાસે સ્થિત ઉદ્યોગ ભવન વર્ષ ૧૯૯૨ના વર્ષમાં અસ્તિત્વમાં આવ્યુ હતુ. જયારે આ તોતિંગ બિલ્ડીંગમાં વિવિધ વિભાગની કુલ ૫૫ જેટલી કચેરીઓ આવેલી છે. સંકુલમાં કુલ ૧૯ બ્લોક અને ૨૦ જેટલી લીફટ કાર્યરત છે. જયારે રોજ બરોજ આ સંકુલમાં સ્થિત વિવિધ કચેરીઓમાં હજારો મુલાકાતીઓની અવર જવર રહે છે.જેના પરિણામે બિલ્ડીંગની જાળવણીનુ કામ પણ મુશ્કેલ બની રહે છે. અગાઉ પણ ઉદ્યોગભવનમાં ડકટ અને ટોઈલેટ બ્લોકના રીનોવેશન અને લેન્ડ સ્કેપીંગ સહિતની કામગીરી માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે.જયારે ત્રીજા તબક્કામાં પણ વિવિધ ૬ ઠેકાણે કાર પાર્કીંગ બનાવવાનુ આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત લેન્ડ સ્કેપીંગનુ કામ પણ હાથ ધરાશે. પ્રથમ તબક્કામાં બિલ્ડીંગના આગળના ભાગમાં લેન્ડ સ્કેપીંગનુ કામ કરવામાં આવ્યુ હતુ. જયારે હવે સંકુલમાં પાછળની અને અન્ય સાઈડમાં પણ લેન્ડ સ્કેપીંગનુ કામ કરવામાં આવશે.

### ત્રીજા તબક્કાની કામગીરી અન્વયે ટોઇલેટ બ્લોક સહિતની કામગીરી હાથ ધરાશે

# સ્થાનિક ચૂંટણી માટે સજ્જ થવા આનંદીબેનની અપીલ

## સ્થાનિક ચૂંટણીઓને લઇને ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ છે :બેઠકમાં પાટીદાર આંદોલનની અસર દેખાઈ

ગાંધીનગર,તા. ૧૧

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે પાટનગર ગાંધીનગરમાં આયોજિત ભાજપની બેઠકમાં હાજરી આપી હતી. ભાજપની ચિંતન શિબિરમાં ઉપસ્થિત રહીને આનંદીબેન પટેલે મહત્વપૂર્ણ માર્ગદર્શન પણ તમામ લોકોને આપ્યા હતા. આ બેઠકમાં ભાજપના વરિષ્ઠ નેતાઓ અને કાર્યકરો પણ ઉપસ્થિત રહ્યા હતા. પાટીદાર સમુદાયના



અનામત આંદોલનના કારણે ટિકા-ટિપ્પણીનો સામનો કરી રહેલી સરકાર તરફથી પોતાની પ્રતિક્રિયામાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ચૂંટણી જીતવાનો સંપૂર્ણપણે ઉત્સાહ છે. હાલમાં એવી ચર્ચા પણ થઈ રહી હતી કે, પાટીદાર સમુદાયના આંદોલનના કારણે સ્થાનિક ચૂંટણીઓને મોકૂફ રાખવાના પ્રયાસ થઈ રહ્યા છે. આનંદીબેન પટેલે પક્ષના કાર્યકરો અને અન્યોને સ્થાનિક સ્વરાજ ચૂંટણી માટે સજ્જ થવા માટે તમામને અપીલ કરી હતી. આજની બેઠકમાં અનામત આંદોલનની અસર સ્પષ્ટપણે દેખાઈ હતી. ભાજપની નવી રણનીતિના મુદ્દે પણ ચર્ચા કરવામાં આવી હતી. તમામ સમુદાય સુધી પહોંચવાના પ્રયાસોના મુદ્દે પણ ચર્ચા થઈ હતી. બેઠકમાં એવી પણ ચર્ચા થઈ હતી કે, રાજ્ય સરકારની સિદ્ધિઓને લોકો સુધી લઈ જવામાં આવશે. આર્થિક પેકેજના ફાયદાઓને પણ લોકો સુધી લઈ જવામાં આવશે. ભાજપની સિદ્ધિઓને વિશેષરીતે રજૂ કરવામાં આવશે.


હાર્દિક અભિનંદન



સોલંકી અમરસિંહ કાંચાભાઈ (ધામણીયા)

ઉપપ્રમુખ, ધનસુરા તાલુકા કોંગ્રેસ

આપની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી આદરણીય ભરતસિંહ સોલંકી સાહેબની સંમતીથી અરવલ્લી જીલ્લા કોંગ્રેસના પ્રમુખશ્રી પ્રતાપસિંહ ખાંટની મંજુરીથી ધનસુરા તાલુકા કોંગ્રેસ સમિતિમાં ઉપપ્રમુખ તરીકે નિમણુંક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ....

સંમતી

પ્રતાપસિંહ ખાટ (અરવલ્લી જીલ્લા કોંગ્રેસ પ્રમુખ)
ઠાકોર ભીખુસિંહ માધુસિંહ (પ્રમુખ, ધનસુરા તાલુકા કોંગ્રેસ)
રાજેન્દ્રસિંહ ઠાકોર (ધારાસભ્ય, મોડાસા)

શુભેચ્છક

પરમાર પ્રવિણજી કાનાજી | પરમાર ડાહ્યાજી મણાજી
સોલંકી કાળાજી મોહનજી | સોલંકી કિશોરજી બબાજી
સોલંકી જવાનજી બલુજી | સોલંકી વસંતજી હેમાજી
સોલંકી અમરાજી બાબુજી | ઝાલા વિક્રમસિંહ જાલાજી
ઝાલા પ્રહલાદ એસ. | સોલંકી બાબુજી માંનાજી
જયંતીજી મથુરજી



સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515



ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT | Kisan | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com